# પંદરમી ગુજરાત વિધાનસભા
## કામકાજ સલાહકાર સમિતિ
## પાંચમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બીજી બેઠકના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** ગુરુવાર, તા.૧૫/૦૨/૨૦૨૪ના અને શુક્રવાર, તા.૧૬/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૧૦-૦૦ વાગ્યાનો રાખવો.

**૨.** મંગળવાર, તા.૨૦/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની પ્રથમ બેઠકનો સમય સવારના ૧૦-૦૦ને બદલે સવારના ૮-૩૦ વાગ્યાનો રાખવો અને બીજી બેઠકનો સમય બપોરના ૩-૩૦ને બદલે બપોરના ૨-૦૦ વાગ્યાનો રાખવો.

**૩.** બુધવાર, તા.૨૧/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ને બદલે સવારના ૧૦-૦૦ વાગ્યાનો રાખવો.

**૪.** ગુરુવાર, તા.૨૨/૦૨/૨૦૨૪ અને શુક્રવાર, તા.૨૩/૦૨/૨૦૨૪ની સભાગૃહની બેઠકો રદ કરવી અને તેના સ્થાને મંગળવાર, તા.૨૭/૦૨/૨૦૨૪ અને બુધવાર, તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી.

**૫.** ગુરુવાર, તા.૨૨/૦૨/૨૦૨૪ના રોજનું બિન-સરકારી કામકાજ (બિન-સરકારી વિધેયકો) રદ કરવું.

**૬.** હવે ગૃહનું કામકાજ નીચે મુજબ રહેશે:

| | | |
|---|---|---|
| સોમવાર, | તા.૨૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) |
| મંગળવાર, | તા.૨૭મી | **પ્રથમ બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)<br>**બીજી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) |
| બુધવાર, | તા.૨૮મી | **પ્રથમ બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)<br>**બીજી બેઠક**<br>(૧) વિનિયોગ વિધેયક અને અન્ય સરકારી વિધેયકો<br>(૨) બિન-સરકારી સંકલ્પો |
| ગુરુવાર, | તા.૨૯મી | (૧) સરકારી વિધેયકો અને સરકારી કામકાજ<br>(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ |

(પાછળ)

**૭.** ગુરુવાર, તા.૨૨/૦૨/૨૦૨૪ના રોજની પ્રશ્નોતરી મંગળવાર, તા.૨૭/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં અને શુક્રવાર, તા.૨૩/૦૨/૨૦૨૪ના રોજની પ્રશ્નોતરી બુધવાર, તા.૨૮/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં હાથ ધરવી તથા તા.૨૭/૦૨/૨૦૨૪ અને તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ નિયત થયેલી પ્રશ્નોત્તરી રાબેતા મુજબ જે–તે દિવસની બીજી બેઠકમાં હાથ ધરવામાં આવશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**શંકરભાઇ ચૌધરી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ.**